## વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

# જિલ્લાની ૧૮૩ પ્રા. શાળા અને ૨૩ મા. શાળામાં રમત-ગમતના મેદાનો નથી

ગાંધીનગર, તા. ૨૩

આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં શિક્ષણ પંચાયત અને આદિજાતિ વિકાસ વિભાગની પ્રશ્નોત્તરી હતી. સામાન્ય રીતે જોવા મળતી ઉત્તેજનાઓ આજે પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન જોવા મળી ન હતી. વિધાનસભા ગૃહમાં રાજ્યપાલશ્રીના સંબોધન બદલ આભાર પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.

**● રમત-ગમતના મેદાન વગરની શાળાઓ**

કોંગીના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ૩૧-૧૨-૧૭ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં રમત-ગમતના મેદાનની સવલત ધરાવતી નથી તેવી સરકારી અને ખાનગી પ્રા. શાળા અને મા. શાળાઓને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં ૧૫૬ સરકારી પ્રા. શાળા અને ૨૭ ખાનગી પ્રા. શાળાઓમાં રમતગમતના મેદાનની સુવિધાઓ નથી. ૧૮૩ પ્રા. શાળા ઉપરાંત ૨૩ માધ્યમિક શાળાઓમાં રમત ગમતના મેદાનની સુવિધા ઉપલબ્ધ નથી. શિક્ષણમંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષમાં જિલ્લાની ૧૮૩ પૈકીની એક પણ શાળામાં રમતગમતના મેદાન ઉભા કરવામાં આવ્યા નથી. તેમણે એવી પણ સ્પષ્ટતા કરી છે કે જમીનની ઉપલબ્ધિ નહિ હોવાને કારણે રમતગમતના મેદાનો ઉપલબ્ધ થઈ શક્યા નથી.

**જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૮૪ ખાનગી પ્રા. શાળા અને ૩૮ માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાને મંજૂરી અપાઈ છે**

**● જિલ્લામાં શાળાઓની મંજૂરી**

કોંગીના ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ૩૧-૧૨-૧૭ની સ્થિતિએ જિલ્લામાં સરકારી, ખાનગી અને ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૯૬૬ પ્રા. શાળાઓ કાર્યરત છે. તેમણે જણાવ્યુ છે કે જેમાં ૫૯૨ સરકારી પ્રા. શાળા, ૩૯ ખાનગી ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓ તેમજ ૩૩૫ ખાનગી પ્રા. શાળાઓ આવેલી છે. શિક્ષણમંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં વધુ ૮૪ ખાનગી પ્રા. શાળાઓને મંજૂરી આપવામાં આવી છે.

**● માધ્યમિક શાળાઓની સંખ્યા**

કોંગીના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે જિલ્લામાં આવેલ સરકારી, ખાનગી અને ગ્રાઉન્ટ ઈન એઈડ મા. શાળાઓ અંગે પૂછેલા એક પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યુ છે કે ૫૦૩ પ્રા. શાળાઓ આવેલી છે. જેમાં સરકારી મા. શાળા-૬, સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળા-૩, ગ્રાન્ટ ઈન એઈડ ખાનગી શાળાઓ માધ્યમિકની ૧૯૪ અને ઉ. માધ્યમિકની ૧૧૭ તેમજ ખાનગી માધ્યમિક શાળા ૧૨૪ અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા ૬૩ આવેલી છે.

શિક્ષણમંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતુ કે છેલ્લા બે વર્ષમાં ખાનગી ૨૩ મા. શાળા અને ૧૫ ઉ.મા. શાળાને મંજૂરી આપવામાં આવી છે.

# તાલુકા પંચાયતનો જનાદેશ ત્રિશંકુ

## અપક્ષ ઉમેદવારોના વિજયોની સાથે ભાજપ-કોંગ્રેસના વિજયરથોની દિશા બદલી

## કોંગ્રેસ-૧૮, ભાજપ-૧૫, અપક્ષને ૩ બેઠક

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણીમાં આજે ત્રિશંકુ જનાદેશ જનતાએ આપ્યો છે. આજે મતગણતરીમાં કોંગ્રેસને ૧૮, ભાજપને ૧૫ અને ૩ બેઠકો અપક્ષોને ફાળે ગઈ છે.

સે. ૧૫ની કોલેજ ખાતે આજે સવારે નવ વાગ્યાના ટકોરે મતગણતરીનું કાર્ય હાથ ધરવામાં આવ્યુ હતુ. દરેક બેઠક માટે બે રાઉન્ડની મતગણતરી થઈ હતી. સવારે નવ વાગે શરૂ થયેલી મતગણતરીના પરિણામોને જાણવા માટે લોકોના ટોળેટોળાં કોલેજ ખાતે ઉમટ્યા હતા. વિજેતા ઉમેદવારોને સમર્થકોએ ઝિંદાબાદના નારાઓ સાથે ગુલાલની છોળો ઉડાડી હાર પહેરાવી અભિવાદન કરતા નજરે પડ્યા હતા.

મતગણતરીના આરંભમાં ભાજપે કોંગ્રેસ પર સરસાઈ પ્રાપ્ત કરી હતી પરંતુ ત્યાં જ રાંધેજા-૨ બેઠક પર અપક્ષ ઉમેદવારનો વિજય થયા બાદ પાસુ પલ્ટાયુ હતુ અને કોંગ્રેસે ધીમી ગતિએ વિજયકૂચને મક્કમતા બક્ષી હતી.

૩૦ બેઠકોની ગણતરી પૂરી થઈ ત્યારબાદ પુનઃ ભાજપે કુડાસણ, કોબા, પોરની બેઠક પર કબ્જો મેળવી અને વિજયની નજીક પહોંચશે તેવી વાતો રાજકીય વર્તુળોમાં શરૂ થઈ હતી. પરંતુ વાવોલ-૧, મગોડીની બેઠક મેળવી કોંગ્રેસ આ વખતે ૧૮ બેઠક પર પહોંચ્યુ હતુ. વાવોલ-૨ની બેઠક પર પ્રથમ રાઉન્ડમાં કોંગ્રેસ થોડાક અંતરથી આગળ જણાઈ હતી પરંતુ

બીજા રાઉન્ડમાં તેને ધોબી પછાડ અપક્ષ ઉમેદવારે આપી સૌને ચોંકાવી દેતાં વિજય પ્રાપ્ત કર્યો હતો.

ઝુંડાલની બેઠક પર ભાજપે વિજય મેળવી તેનો અંક ૧૫ પર પહોંચાડ્યો હતો. ત્રણ અપક્ષોના વિજયી પરિણામોથી રાજકીય પક્ષોના વિજય રથે આંચકા અનુભવ્યા હતા.

આજની મતગણતરીમાં સૌથી ઓછી સરસાઈ ચિલોડા (ડ) બેઠક પર જણાઈ છે. જેમાં વિજેતા ઉમેદવારની સરસાઈ માત્ર ૭ મતની છે. તો સૌથી મોટી સરસાઈ ત્રણ હજાર મતની કુડાસણ બેઠક પર ભાજપે મેળવી છે.

આ જંગમાં અપક્ષ ઉમેદવારોએ નોંધપાત્ર દેખાવ કર્યો હતો એટલુ જ નહિ તેમણે બન્ને પક્ષના મોઢા સુધી પહોંચેલા વિજયના કોળિયાને ઝૂંટવી પણ લીધો હતો.

તાલુકા પંચાયતની આ ચૂંટણી નવા સીમાંકન સાથે લડાઈ હતી અને તેથી રાજકીય ઉત્તેજનાઓ પણ વધુ હતી. શાહપુરની બેઠક પર પણ સારી એવી સ્પર્ધા ભાજપ-કોંગ્રેસ વચ્ચે થઈ હતી. આદરજ-મોટી બેઠક પર ભાજપે ૧૩૦૦ મતે મેળવી હતી. રાયસણ-સુઘડની બેઠક પર ભાજપના તાલુકા મહામંત્રી આઈ.બી. વાઘેલાની પત્નીએ ૮૦૦થી વધુ મતે વિજય મેળવ્યો હતો.

તાલુકા પંચાયતમાં નંદુભાઈ પટેલ રાંધેજા-૧ બેઠક પરથી તો વિપક્ષના નેતા કુબેરજી ગોલ વાવોલ-૧ બેઠક પરથી વિજયી થયા હતા.

મતગણતરી ખંડથી દૂર એક તબક્કે બે સમર્થકો વચ્ચેની ઉગ્ર બોલાચાલીને પગલે પણ વાતાવરણ ઉત્તેજીત બની જવા પામ્યુ હતુ.

### કોંગ્રેસનો જનાધાર વધ્યો : સૂર્યસિંહ ડાભી

છેલ્લા ઘણા વર્ષોથી ભાજપનાં ભરડામાં રહેલી ગાંધીનગર તાલુકા પંચાયતના આજે આવેલ ચૂંટણી પરિણામમાં ૧૮ બેઠકો સાથે કોંગ્રેસ પક્ષે બહુમતી મેળવી લીધી છે. એવું ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ વધુ માહિતી આપતા જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં કોંગ્રેસ પક્ષનો જનાધાર વધ્યો છે. જ્યારે પ્રજાએ ભાજપને જાકારો આપ્યો છે. સરકારી તંત્રનો દુરપયોગ અને લોભ, લાલચ, પ્રલોભન અને ધાક ધમકીથી માણસા નગરપાલિકામાં ૧૫ બેઠકો મેળવનાર ભાજપને ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણીમાં માત્ર ૧૫ બેઠકો સાથે તાલુકા પંચાયત ગુમાવવાનો વારો આવ્યો છે. ગત ટર્મમાં ૧૦ બેઠકો મેળવનાર કોંગ્રેસ પક્ષને પ્રજાજનોએ ૧૮ બેઠકો સાથે બહુમતી અપાવી છે. તે બદલ કોંગ્રેસ પક્ષ ગાંધીનગર તાલુકાના મતદારોનો આભાર માને છે

### ભાજપનો જનાધાર વધ્યો છે : હિતેન્દ્ર પટેલ

ભારતીય જનતા પક્ષના પ્રદેશ કિસાન મોરચાના અગ્રણી અને જિલ્લાના સહકારી અગ્રણી હિતેન્દ્ર પટેલે જણાવ્યું છે કે પક્ષના પરિણામો અપેક્ષિત નથી પરંતુ તાલુકામાં જનાધાર વધ્યો છે.

જિલ્લા પંચાયત અને વિધાનસભાના ગાંધીનગર (દ) બેઠકમાં મળેલા મતો કરતાં ભાજપને તાલુકા પંચાયતમાં વધુ મતો મળ્યા છે. જિલ્લા પંચાયતની સરખામણીએ ૨૫૦૦થી વધુ મતો અમે પૂર્વપટ્ટીમાં મેળવ્યા છે. તેમણે જણાવ્યું કે અમે ઘણી બેઠકો પર ૧૦૦૦થી ૩ હજાર સુધીની સરસાઈ મેળવી છે.

જો કે પક્ષને મળેલી ૧૫ બેઠકો અપેક્ષા પ્રમાણે જરૂર નથી. આમ છતાં પક્ષનો કાર્યકર નિરાશ થયો નથી અને જનાદેશ સ્વીકારી સબળ વિપક્ષની ભૂમિકા ભજવવામાં ઉણા નહિ ઉતરીએ તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

### આવી છે, ચૂંટણીના ગણિતની ભીતરી કહાની

ગાંધીનગર તાલુકા પંચાયતની મતગણતરીમાં આજે ચિલોડા (ડ) બેઠક પર કોંગ્રેસનો સાત મતે વિજય થયો તો કુડાસણ બેઠક પર ભાજપનો ત્રણ હજારથી વધુ મતે વિજય થયો હતો. આજે ચૂંટણીની મતગણતરી દરમ્યાન ૧૫૦૦થી વધુ નોટાને મત મળ્યા હતા.

જેમાં ચિલોડાની બેઠક પર વિજયની સરસાઈ કરતાં નોટાને વધુ મત મળ્યા હતા. તાલુકાની પાંચ બેઠકો પર ૧૦૦ કે તેથી વધુ નોટાને મત મળ્યા હતા જેમાં છાલા, શિહોલી મોટી, શેરથા, ઉવારસદ બેઠકનો સમાવેશ થાય છે. પાંચ જેટલી બેઠકો એવી છે જ્યાં નોટાને ૭૪.૭૪ મત મળ્યા છે.

# રાજ્યસભાની ૪ બેઠકો માટે ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરાયો

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત સહિત ૧૬ રાજ્યોની ૫૮ બેઠકોની ચૂંટણીઓ અંગે આજે કેન્દ્રીય ચૂંટણીપંચે વિધિવત્ જાહેરાત કરી છે.

ચૂંટણીપંચની જાહેરાત મુજબ આ ચૂંટણી માટે પાંચમી માર્ચે જાહેરનામુ પ્રસિદ્ધ થશે અને તે સાથે જ ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે.

૧૨મી માર્ચ સુધી આ ચૂંટણીમાં ઉમેદવારી પત્રો ભરી શકાશે. ૧૩મી માર્ચે ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરવામાં આવશે. જ્યારે ૧૫મી માર્ચ સુધીમાં ઉમેદવારી પત્ર પાછા ખેંચી શકાશે.

**૨૩મી માર્ચે મતદાન : ૫મી માર્ચે જાહેરનામુ ભાજપના ૪ સભ્યો એપ્રિલમાં નિવૃત્ત થઈ રહ્યા છે**

આ ચૂંટણીમાં મતદાન ૨૩મી માર્ચના રોજ સવારે નવથી સાંજના ૪ દરમ્યાન થશે અને મતદાન પૂર્ણ થયા બાદ મતગણતરી હાથ ધરવામાં આવશે. ૨૬ માર્ચ સુધીમાં ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ કરી દેવાશે.

ગુજરાત વિધાનસભામાં આ વખતે કોંગ્રેસના ૭૭ સભ્યો હોવાથી તેના બે સભ્યો રાજ્યસભામાં જશે તો ભાજપના પણ બે સભ્યો રાજ્યસભામાં જશે.

આ ચૂંટણીની જાહેરાત થતાં જ પાટનગરમાં ઉમેદવારોની પસંદગીને લઈ અટકળો અને અફવાઓનું બજાર ગરમ બની જવા પામ્યુ છે. રાજ્યસભાની છેલ્લી ચૂંટણી ૧૩મી વિધાનસભાના અંતિમ સત્રમાં યોજાઈ હતી હવે ૧૪મી વિધાનસભાના પ્રથમ સત્રમાં આ ચૂંટણી યોજાઈ રહી છે તે એક યોગાનુયોગ સંજોગ છે.

# સે-૨૨માં જ-કક્ષાના ૯ જોખમી બ્લોકમાં કર્મચારીઓનો વસવાટ

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટિએ જોખમી બન્યા છે. જયારે મોટાભાગના આવાસોમાં રહેતા રહીશો પર મોતનો ખતરો જળુંબી રહયો હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસોમાં મોટામસ પોપડા ખરતા હોવાની ઘટના પણ પ્રકાશમાં આવે છે. શહેરમાં સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ જોખમી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયા બાદ તંત્ર દ્વારા જોખમી આવાસો સંદર્ભે અભ્યાસ હાથ ધરી તબક્કવાર મકાનોનો કડુસલો બોલાવાય છે. પરંતુ હજુ પણ શહેરમાં જોખમી આવાસોનુ અસ્તિત્વ છે. જયારે કંગાળ ભાસતા આવાસોમાં હજુ કર્મચારીઓનો વસવાટ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જો કે આ પૈકી જોખમી આવાસો ખાલી કરી દેવા માટે પણ માર્ગ મકાન વિભાગ દ્વારા સુચના આપી દેવામાં આવી છે. આ મામલે તંત્રએ રહીશોને નોટીસ આપી મકાન ખાલી કરવા માટે સુચના આપી દીધી છે. આમછતા રહીશો દ્વારા મકાન ખાલી કરવામાં આવતા નથી. જો કે હાલ આ જોખમી આવાસમાં રહેતા પરિવારજનાને અન્ય ઠેકાણે મકાન ફાળવવામાં આવતા નથી જેના લીધે રહીશોએ જોખમી આવાસમાં વસવાટ કરવાની ફરજ પડી છે. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના મકાનો જોખમી હાલતમાં છે. તંત્ર દ્વારા હજુ પણ ભયજનક મકાનો તબક્કવાર તોડવામાં આવી રહયા છે. જયારે જુના અને કંગાળ મકાનો તોડી આગામી દિવસોમાં આ ઠેકાણે નવી ટાવર કોલોનીનુ નિર્માણ કરવામાં આવશે. શહેરના સ્થાપના કાળથી અસ્તિત્વ ધરાવતા આવાસો દાયકાઓના અંતે હવે ખંડેર બન્યા છે. જયારે મોટાભાગના આવાસોની છત પણ સલામત નથી આવા સંજોગોમાં કર્મચારીઓના પરિવારજનો માટે આ પ્રકારના આવાસમાં રહેવાનુ પણ ગમે ત્યારે ખતરારૂપ પુરવાર થાય તેમ છે. સે-૨૨ માં આર્યુવેદિક દવાખાના સામે સ્થિત જ કક્ષાના ૯ સરકારી બ્લોક રહેણાંકની દ્રષ્ટીએ જોખમી હોવાનુ

**એક વર્ષથી નોટીસ આપવામાં આવી હોવા છતા વૈકલ્પિક વ્યવસ્થાના અભાવે આવાસ ખાલી કરવામાં આવતા નથી : અગ્રતાના ધોરણે અન્ય ઠેકાણે આવાસ ફાળવવા માટે પણ પ્રબળ માંગ**

● અનુસંધાન પાન-૭ પર


## દુઃખદ અવસાન

અમારા પરમ પૂજ્ય માતૃશ્રી જસુમતીબેન મનુભાઈ સાવલિયા (દેહદાતા - ચક્ષુદાતા)નું તા. ૨૩/૨/૨૦૧૮ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તથા લૌકિક ક્રિયાઓ રાખેલ નથી.

નિવાસસ્થાન : પ્લોટ નં. ૪૭૦/૧, ગોકુલ સોસાયટી, સેક્ટર-૮/બી, ગાંધીનગર

મનુભાઈ લવજીભાઈ સાવલિયા

ડો. નિલેશ મનુભાઈ સાવલિયા — સ્વાતિ નિલેશ સાવલિયા
જય મનુભાઈ સાવલિયા (USA) — મનીષા જય સાવલિયા
વિજયકુમાર એચ. પટેલ — પ્રજ્ઞા વિજય પટેલ
સ્વપ્તલ આચાર્ય — કાદંબરી સ્વપ્તલ આચાર્ય

શ્રેયા, સ્મિત, કિષ્ના, શ્લોકા, સ્વરા

## બ્રહ્મભટ્ટ બેસણું

અમારા માતૃશ્રી ગં સ્વ. નિરંજનાબેન નિરંજનભાઈ માતરવાલા નું તા.૨૦-૨-૧૮ના રોજ દેવલોક પામેલ છે. સદ્ગતનું બેસણું તા.૨૫-૨-૧૮ને રવિવાર ના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ: સૌરાષ્ટ્ર લેઉઆ પટેલની વાડી, સેકટર નં-૭-સી, ઘ-રોડ, ગાંધીનગર

નિકેતુ એન. રાવ — હનુજ એન. રાવ (પૌત્ર)
અમિત એન. રાવ — વિન એ. રાવ (પૌત્ર)
મોહિત એન. રાવ M: 9925029275 — યશવર્ધન એમ. રાવ (પૌત્ર)

## જાહેર આભાર

૧૬-ખોરડા તાલુકા પંચાયતમાં રામાબેન જેતાભાઈ રાઠોડ કોંગ્રેસ પાર્ટી તરફથી વિજય થવા બદલ હું પાંચે ગામની જનતાનો દિલથી આભાર વ્યક્ત કરું છું.

લી.
જેતાભાઈ રાઠોડ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com